# PEROL JUMP PRESS NOTE .docx

અમદાવાદ શહેર પોલીસ

**ઇસનપુર પોલીસ સ્ટેશન**

અમદાવાદ શહેર

ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦

Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in

અમદાવાદ શહેર પોલીસ

## PRESS NOTE

### સને ૨૦૧૭ ના મર્ડરના ગુનામાં વચગાળાના જામીન ઉપરથી છેલ્લા બે વર્ષથી ફરાર આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

*મે.પોલીસ મહાનિર્દેશકશ્રી નાઓની પેરોલ ફર્લો, વચગાળાના જામીન, પોલીસ જાપ્તા માંથી તેમજ જેલ ફરારી કેદીઓ/આરોપીઓ પકડવાની ડ્રાઇવ અનુસંધાને* **મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય અને જેના અનુસંધાને** ***પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશન*****નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ આજરોજ તા ૧૪/૧૦/૨૦૧૯ ના રોજ** ***સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ*** **નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા** *એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.પો.કો વિજયસિહ બાબુભાઇ* **નાઓને સયુક્ત બાતમી મળેલ કે ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૩૦/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૩૦૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામા પકડાયેલ આરોપી** *મોહંમદશાહીદ મોહંમદયુસુફ અન્સારી ઉ.વ ૨૫ રહે.બશીર કિરાણા સ્ટોર પાસે ચંડોળા તળાવ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર હાલ રહે.અંબર ટાવરની પાસે પેરીસ બેકરીની પાછળ સરખેજ અમદાવાદ શહેર* નાનો **સાબરમતી જેલમાથી સને-૨૦૧૭ ની સાલમા દિન-૧ ના વચગાળાના જામીન ઉપર છુટેલો અને જેલમા પરત હાજર ન થઇ છેલ્લા બે વર્ષથી ફરાર થઇ ગયેલ** તે હાલમા શાહઆલમ નવાબનગરના છાપરાના નાકે ઉભો છે જે હકિકત આધારે સદરીને આજરોજ **તા ૧૪/૧૦/૧૯ ના કલાક ૧૧/૦૦** વાગે પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ છે તા ૧૪/૧૦/૨૦૧૯

